# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Crop Registration

રાજ્યનાં ખેડૂતો આવતીકાલથી 31 ઓક્ટોબર સુધી મગફળી, અડદ અને સોયાબીનનાં ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી શકશે. આ પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયું હોવાથી લાભ પાંચમના પછીના દિવસથી રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ખરીદી શરૂ કરશે, જે 90 દિવસ સુધી ચાલશે. ખેડૂતોએ નાફેડના ઇ સમૃધ્ધિ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. 150 થી વધુ કેન્દ્રો પર નાફેડના માધ્યમથી ખરીદી કરવામાં આવશે.

-------------------

## CM BRIDGE GRANT

રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-ના માળખાને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટે રાજ્ય સરકારે 245 કરોડ 30 લાખ રૂપિયા મંજૂર કર્યા છે.

રાજ્યમાં 20 જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા 41 હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે આ ફાળવણી કરવામાં આવી છે.

આગામી દિવસોમાં રાજ્યના આવા સાંકડા માર્ગો પહોળા કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાશે.જેને કારણે ટ્રાફિક જામની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ મળશે.

-------------------

# GUJARAT BIRDS POPULATION

રાજ્યમાં અંદાજે ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ 'બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ ૨૦૨૩-૨૪'ને જાહેર કરતાં કહ્યું હતું કે પક્ષી વસ્તી દર્શાવે છે કે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે.

આ અહેવાલ અનુસાર દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે, જયારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪ લાખ ૫૬ હજાર જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે.

જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે. અમદાવાદમાં પણ ૩.૬૫ લાખથી વધુ પક્ષીઓની વસ્તી સાથે ૨૫૦થી વધુ વિવિધ પ્રજાતિઓ છે. સરહદી એવા નડાબેટ જળપ્લાવિત સંકુલમાં એક લાખ કરતા વધુ પક્ષીઓ વસે છે. 'રામસર સાઈટ'ની વાત કરીએ તો કચ્છના છારી ઢંઢની કુલ ૨૨ હજાર ૭૦૦ હેક્ટર જમીનમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓના ૩૦ હજારથી વધુ પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસસ્થાન સાબિત થયું છે. આ જ રીતે, પોરબંદરમાં આવેલી મોકરસાગર 'રામસર સાઈટ' ૧૦૦થી વધુ પ્રજાતિઓના અંદાજે ૩૦ હજાર પક્ષીઓનું નિવાસ્થાન બન્યું છે. રાજ્યમાં સ્થિત નળ સરોવર, નડાબેટ, બોરીયા બેટ, થોળ વગેરે જેવા સ્થળો અંદાજે

૫૦ હજારથી પણ વધુ સ્થાનિકો તથા યાયાવર એટલે કે વિદેશી પક્ષીઓના ‘હોટસ્પોટ’ તરીકે જાણીતા થયા છે.

-----------------------------------

## SWACHHTA HI SEVA - DISTRICT

રાજ્યભરમાં રાષ્ટ્રીય પોષણ માસ અને સ્વચ્છતા હી સેવાની ઉજવણી ચાલી રહી છે. જે અંતર્ગત તાપીના સોનગઢનાં ગુણસદા ખાતે મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ અન્નના આરોગ્યની દ્રષ્ટિએ ફાયદાઓ, તેમાં મુલ્યવર્ધન વિષય ઉપર મહિલા શિબિર અને પોષક અનાજ વાનગી હરીફાઈ પણ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સોનગઢ તાલુકાની કુલ ૬૫થી વધુ આદિવાસી મહિલાઓએ ભાગ લીધો હતો.

મહેસાણા શહેરમાં જાહેરમાં કાયમી જોવા મળતાં કચરાના ઢગલાંની 17 જગ્યાઓએ 17 લાખ 16 હજાર રૂપિયાના ખર્ચે સુશોભન કરવામાં આવશે. અહીં સ્વચ્છતા જાળવવા માટે ફૂલોના કુંડા અને બાકડા મુકવામાં આવશે.

સ્વચ્છતા હી સેવા અભિયાન’ અંતર્ગત ડાંગ જિલ્લાના વીજ કર્મીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ. ડાંગમાં આવેલ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ આહવા પેટા વિભાગીય કચેરી દ્વારા ‘સેવા પખવાડિયાની’ ઉજવણીના ભાગરૂપે આહવાના કુલ ૪૬ અધિકારી, કર્મચારીઓ દ્વારા કચેરી પરિસરની સ્વછતા હાથ ધરવામાં આવી હતી.

આણંદના વલ્લભ વિદ્યાનગર ખાતે સેવા સેતુ ટ્રસ્ટના દિવ્યાંગજનો દ્વારા સ્વચ્છતા રેલી યોજાઇ હતી. જેમાં જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને નગરજનોને સ્વચ્છતાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.

સાબરકાંઠામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત ગામ્ય કક્ષાએ યોજાયેલા સખી કાર્યક્રમમાં જિલ્લામાં કુલ ૩૮ સખીમંડળની ૭૬૦૦ બહેનો ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં  ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ સખી અને પશુ સખી દ્વારા બહેનોને વર્મી કમ્પોસ્ટ, ઘન જીવામૃત, જીવામૃત, સ્વચ્છતા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું  હતું.

---------------

## ANAND - AMUL TURNOVER

અમૂલ બ્રાન્ડનું વર્ષ ૨૦૨૩-૨૪નું ગ્રૂપ ટર્નઓવર ૮૦ હજાર કરોડ થયું છે, જે વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૨, ૦૦૦ કરોડ રૂપિયા  હતું. અમૂલ ફેડરેશન સાથે સંકળાયેલા ૧૮ સભ્ય સંઘો દ્વારા દૈનિક ત્રણ કરોડ લિટર કરતાં પણ વધુ દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે.

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડની ૫૦મી વાર્ષિક સામાન્ય  સભા શનિવારે યોજાઇ  હતી. અમૂલ-ફેડરેશનના  સુવર્ણ  જયંતિ વર્ષ  વર્ષ ૨૦૨૩-૨૪નું  ટર્નઓવર ૮  ટકાની  વૃદ્ધિ  સાથે  ૫૯  હજાર ૫૪૫ કરોડ નોંધાયું છે.

અમૂલ  ફેડરેશન  ૧૮  હજાર  ગામના ૩૬ લાખ  ડેરી  ખેડૂતોની માલિકીની વિશ્વની સૌથી મોટી ડેરી સહકારી સંસ્થા છે.

અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઇ પટેલે જણાવ્યું હતું કે, GCMMF તેના સુવર્ણ જયંતિ વર્ષમાં વિશ્વમાં સૌથી શક્તિશાળી ફૂડ બ્રાન્ડ તરીકે ઉભરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. વાઇસ ચેરમેન વલમજીભાઇ હુંબલે દૂધ ઉત્પાદકોને લગતી વિવિધ યોજનાઓ માટે સતત અને સમયસર સમર્થન આપવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

-------------------

## AMDAVAD ROJGAR MELO

અમદાવાદની મદદનીશ નિયામક રોજગારની કચેરી દ્વારા આવતીકાલે સવારે 11 વાગ્યે કુબેરનગર ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન – I.T.I. ખાતે ભરતી મેળાનું આયોજન કરાયું છે. કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, આ મેળામાં 20 જેટલી કંપનીઓ યુવાનોની પસંદગી કરશે.

વિવિધ કંપનીઓ, એપ્રેન્ટિસશીપ, સેલ્સ એન્ડ સર્વિસ એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યૂટીવ, એકાઉન્ટન્ટ, એડમિન સહિતની જેવી વિવિધ જગ્યાઓ માટે ધોરણ 10, 12 પાસ, સ્નાતક, I.T.I., ડિપ્લોમા ડિગ્રી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. ઈચ્છુક ઉમેદવારોએ આધારકાર્ડ, બાયોડેટાની ત્રણથી વધુ નકલ સાથે કચેરીએ હાજર રહેવું પડશે.

-----------------------